પોલીસ કમિશ્નરની કચેરી,
વિશેષ શાખા, પોલીસ ભવન, જેલ રોડ
વડોદરા શહેર. ૩૯૦૦૦૧
ટેલીફોન નં.૦૨૬૫-૨૪૨૩૯૫૦, કંટ્રોલ રૂમ ફેકસ નં.૦૨૬૫-૨૪૩૨૫૮૨
e-mail ID : cp-spl-vad@gujarat.gov.in

ક્રમાંક :જી/સીપી/વિ.શા./જળાશય/ ૬૪૨૩ /૨૦૨૫ તા : ૨૩/૦૬/૨૦૨૫

## ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા-૨૦૨૩ (સન ૨૦૨૩નો ક્રમાંક ૪૬)ની કલમ-૧૬૩ અન્વયે કાઢેલ હુકમ

તાજેતરમાં રાજ્યમાં જુદી-જુદી જગ્યાઓએ નદી, તળાવો, નહેર, દરીયામાં નહાવા પડેલા વ્યક્તિઓના ડુબી જવાથી મરણ ગયેલની ઘટના બનેલ ખુબ જ ગંભીર બાબત છે. આ બાબતે વ્યક્તિઓ/પ્રવાસીઓ જળાશયોમાં ન પ્રવેશે તે માટે જરૂરી પ્રતિબંધાત્મક હુકમો બહાર પાડવા ગુજરાત સરકારના ગૃહ વિભાગ(વિશેષ), સચિવાલય, ગાંધીનગરના પત્ર ક્રમાંક:વિ-૧/કઅવ/૧૦૨૦૨૪/૮૨, તા.૩૦/૦૫/૨૦૨૪ દ્વારા જરુરી કાર્યવાહી કરવા જણાવેલ છે. જેથી આવી જગ્યાઓએ કોઇ અનિચ્છનિય બનાવ ન બને તે સારૂ વડોદરા પોલીસ કમિશ્નરેટ વિસ્તારમાં તાત્કાલિક અસરથી જરૂરી પ્રતિબંધ મુકવા જરૂરી જણાય છે.

### હુકમઃ-

વાસ્તે, હું, નરસિમ્હા કોમાર, I.P.S, પોલીસ કમિશ્નર વડોદરા શહેર, ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા-૨૦૨૩ (સન ૨૦૨૩નો ક્રમાંક ૪૬)ની કલમ-૧૬૩ અન્વયે મને મળેલ સત્તાની રૂએ આથી હુકમ કરૂ છું કે, નીચે જણાવેલ જગ્યાઓએ નહાવા તથા ભારે ભીડ થવા પર પ્રતિબંધ મુકવામાં આવે છે

| અ.નં. | પો.સ્ટે.નુ નામ | ભયજનક જળાશયો/તળાવ/નહેર |
|---|---|---|
| ૧ | હરણી | હરણી લેકઝોન (મોટનાથ તળાવ) હરણી |
| ૨ | હરણી | હરણી લેકઝોન તળાવ |
| ૩ | હરણી | હરણી ગામ તળાવ હનુમાન મંદિરજી સામે |
| ૪ | હરણી | ખોડીયાર નગર તળાવ |
| ૫ | હરણી | દરજીપુરા ગામ તળાવ |
| ૬ | હરણી | કોટાલી-સમા નર્મદા કેનાલ |
| ૭ | અટલાદરા | અટલાદરા તળાવ |
| ૮ | નંદેસરી | કોટણા (મહીસાગર નદીના કિનારે) |
| ૯ | નંદેસરી | મહોણી માતા મંદિર, અનગઢ ગામ (મહીસાગર નદીના કિનારે) |
| ૧૦ | નંદેસરી | મહીસાગર નદી, મહીસાગર માતાના મંદિર ફાજલપુર ખાતે |
| ૧૧ | સીટી | સરસીયા તળાવ, યાકુતપુરા, જોરાવરપીર દરગાહ સામે |

| | | |
|---|---|---|
| ૧૨ | છાણી | છાણી તળાવ |
| ૧૩ | છાણી | આધા તલાવડી, છાણી |
| ૧૪ | છાણી | દશરથ તળાવ |
| ૧૫ | છાણી | મલાઇ તળાવ, દશરથ |
| ૧૬ | છાણી | પદમલા તળાવ રણછોડજી ના મંદિર પાસે, પદમલા |
| ૧૭ | છાણી | નાથા તલાવડી, પદમલા |
| ૧૮ | છાણી | મીની નદી |
| ૧૯ | લક્ષ્મીપુરા | લક્ષ્મીપુરા સ્મશાન પાસે આવેલ તળાવ |
| ૨૦ | લક્ષ્મીપુરા | અંકોડીયા રોડ પાસે આવેલ કેનાલ |
| ૨૧ | લક્ષ્મીપુરા | ગોત્રી-સેવાસી પાસે આવેલ કેનાલ |
| ૨૨ | જે.પી.રોડ | વિશ્વામીત્રી નદી, મુંજમહોડા ગામ |
| ૨૩ | જે.પી.રોડ | તાંદલજા ગામ પાસે આવેલ તળાવ |
| ૨૪ | ફતેગંજ | છાણી કેનાલ(નહેર) |
| ૨૫ | રાવપુરા | સુરસાગર |
| ૨૬ | રાવપુરા | વિશ્વામિત્રી નદી |
| ૨૭ | વારસીયા | ધોબી તળાવ |
| ૨૮ | સમા | સમા તળાવ |
| ૨૯ | ગોત્રી | ગોત્રી તળાવ |
| ૩૦ | ગોત્રી | વાસણા તળાવ |

**<u>અમલવારીનો સમય તથા વિસ્તાર</u>**

વડોદરા શહેર પોલીસ કમિશ્નર હકુમત હેઠળના સમગ્ર વિસ્તારમાં તા. ૨૬/૦૬/૨૦૨૫ ના ક.૦૧/૦૦ થી તા.૨૪/૦૮/૨૦૨૫ ના ક.૨૪-૦૦ સુધી હુકમનો અમલ કરવાનો રહેશે.

**શિક્ષાઃ-**

આ હુકમનો ભંગ કરનાર વ્યકિત ભારતીય ન્યાય સંહિતા-૨૦૨૩ ની કલમ-૨૨૩ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આ હુકમ અન્વયે વડોદરા કમિશ્નરેટમાં ફરજ બજાવતા અનાર્મ હે.કો તથા તેનાથી ઉપરના દરજજાના કોઇ પોલીસ અધિકારીશ્રીઓને આ જાહેરનામાનો ભંગ કરનાર ઇસમો સામે ભારતીય ન્યાય સંહિતા-૨૦૨૩ ની કલમ-૨૨૩ મુજબ ફરીયાદ માંડવા માટે અધિકૃત કરવામાં આવે છે.

**જાહેર વિજ્ઞપ્તિઃ-**

તમામને વ્યકિતગત રીતે નોટીસની બજવણી કરવી શકય ન હોય આથી એક તરફી હુકમ કરુ છું કે, જાહેર જનતાની જાણ સારૂ સ્થાનીક વર્તમાનપત્ર, આકાશવાણી અને દુરદર્શન કેન્દ્ર મારફતે પ્રસિધ્ધી દ્વારા તથા પોલીસ સ્ટેશનના પોલીસ ઇન્સ્પેકટર, મદદનીશ પોલીસ કમિશ્નર,

નાયબ પોલીસ કમિશ્નર તથા પોલીસ કમિશ્નર કચેરીના નોટીશ બોર્ડ ઉપર હુકમની નકલ ચોંટાડી પ્રસિધ્ધી કરવામાં આવશે તેમજ સહેલાઇથી જોઇ શકાય તેવી જાહેર જગ્યાઓ ઉપર હુકમની નકલ ચોંટાડી પ્રસિધ્ધી કરવામાં આવશે. ગુજરાત પોલીસ એકટ કલમ-૧૬૩ મુજબ પોલીસ અધિકારીઓ પણ આ હુકમની જાહેરાત કરવા અધિકૃત ગણાશે.

આજ તારીખ: ૨૬/૦૬/૨૦૨૫ ના રોજ મારી સહી અને સિકકો કરી આપેલ છે.

Commissioner of Police Vadodara City, Vadodara

(નરસિમ્હા કોમાર)
પોલીસ કમિશ્નર
વડોદરા શહેર

પ્રતિ,

(૧) વડોદરા શહેર તમામ પો.સ્ટે. ઇન્ચાર્જશ્રીઓ (નકલો ચોંટાડી લાઉડસ્પીકર વાહન દ્વારા જાહેરાત કરાવવા સારૂ)
(૨) વડોદરા શહેર પોલીસના તમામ સ્કવોડ તથા શાખા ઇન્ચાર્જશ્રીઓ
(૩) વડોદરા શહેર કંટ્રોલ રૂમ ઇન્ચાર્જશ્રી પોલીસ જાણ તથા વર્તમાનપત્રો દ્વારા પ્રસિધ્ધિ કરાવવા સારૂ
(૪) વડોદરા શહેર પોલીસના તમામ નાયબ પોલીસ કમિશ્નરશ્રીઓ તથા મદદનીશ પોલીસ કમિશ્નરશ્રીઓ તરફ.

<u>સવિનય નકલ રવાના</u> :-

(૧) પોલીસ મહાનિદેશક અને મુખ્ય પોલીસ અધિકારીશ્રી, ગુ.રા., ગાંધીનગર.
(૨) પોલીસ મહાનિરીક્ષકશ્રી, વડોદરા રેન્જ, વડોદરા
(3) રજીસ્ટ્રારશ્રી, ડીસ્ટ્રીકટ એન્ડ સેશન્સ કોર્ટ, વડોદરા
(4) રજીસ્ટ્રારશ્રી, એડીશનલ સેશન્સ કોર્ટ, વડોદરા.
(૫) રજીસ્ટ્રારશ્રી, ચીફ જયુડીશીયલ મેજી.કોર્ટ, વડોદરા.
(૬) મ્યુનિસિપલ કમિશ્નરશ્રી, વડોદરા શહેર, વડોદરા
(૭) કલેકટર અને જીલ્લા મેજીસ્ટ્રેટશ્રી, વડોદરા.
(૮) પોલીસ અધિક્ષકશ્રી, વડોદરા ગ્રામ્ય, વડોદરા.
(૯) પોલીસ અધિક્ષકશ્રી, રેલ્વે વડોદરા તથા પોલીસ ઇન્સ્પેકટરશ્રી, વડોદરા રેલ્વે પોલીસ સ્ટેશન વડોદરા.
(૧૦) જીલ્લા સરકારી વકીલશ્રી, સેસન્સ કોર્ટ, વડોદરા.
(૧૧) મેનેજરશ્રી,સરકારી પ્રેસ,વડોદરા (ગેઝેટ ભાગ-૧ માં પ્રસિધ્ધ કરી તેની ૨૫ નકલો અત્રે મોકલી આપવા સારૂ)
(૧૨) મામલતદાર અને એકજીકયુટીવ મેજી.શ્રી, વડોદરા શહેર, વડોદરા.
(૧૩) મામલતદાર અને એકજીકયુટીવ મેજી.શ્રી, વડોદરા તાલુકા, વડોદરા.
(૧૪) સંયુકત માહિતી નિયામકશ્રી, કોઠી કચેરી, વડોદરા.

૨/- સ્થાનિક વર્તમાન પત્રોમાં તથા ચેનલોમાં વિના મુલ્યે બહોળી પ્રસિધ્ધિ કરવા વિનંતી સહ.